# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2024** **Evening : 6.30 to 6.40pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદના શપથ લેશે - નવા મંત્રીમંડળના સભ્યો હોદ્દા અને ગુપ્તતાના શપથ લેશે**
- શપથ સમારોહમાં વિવિધ દેશોના વડાઓ ઉપસ્થિત રહેશે
- રાજ્યના ભરૂચ, છોટાઉદેપુર, મહીસાગર, તાપી, અરવલ્લી, દીવ અને નર્મદા જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં હળવો વરસાદ થયો છે
- સુમુલ દૂધના ભાવમાં પ્રતિ લીટરે બે રૂપિયાનો વધારો – નવો ભાવ વધારો આવતીકાલથી અમલી બનશે
- ઉનાળા વેકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓને ભારે ધસારો - જે ગયા વર્ષની સરખામણીમાં એક લાખ પંચોતેર હજાર કરતાં વધુ છે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ADD-NEW-PM--SWEARING-IN-CEREMONY.

સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં સાંજે સવા સાત વાગે મંત્રીમંડળને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

શ્રી મોદી ગત શુક્રવારે રાષ્ટ્રપતિને મળ્યા હતા અને નવી સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાની આગેવાની હેઠળ એનડીએનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને શ્રી નરેન્દ્ર મોદીને ભાજપના સંસદીય દળના નેતા તરીકે ચૂંટાયા હોવાનો પત્ર તેમને આપ્યો હતો. એનડીએના ઘટક પક્ષોના સમર્થનનો પત્ર પણ રાષ્ટ્રપતિને આપવામાં આવ્યો હતો.

અમારા સંવાદદાતા જણાવે છે કે શપથ ગ્રહણ સમારોહમાં પડોશી દેશો અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહેમદ અફિફ, બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ કુમાર જુગનાથ, નેપાળના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ પ્રચંડ અને ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે સમારોહમાં હાજરી આપશે.

માલદીવ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિઓ, મોરેશિયસ, નેપાળ અને ભૂટાનના પ્રધાનમંત્રીઓ શપથ ગ્રહણ સમારોહ માટે આજે નવી દિલ્હી પહોંચ્યા હતા. બાંગ્લાદેશના પ્રધાનમંત્રી અને સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ ગઈકાલે જ દિલ્હી પહોંચ્યા હતા..

શપથગ્રહણ સમારોહ પહેલાં નરેન્દ્ર મોદીએ આજે દિલ્હી રાજઘાટ ખાતે મહાત્મા ગાંધી અને પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપેયીને સદૈવ અટલ ખાતે શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી. શ્રી મોદીએ રાષ્ટ્રીય સમર સ્મારક ખાતે, આપણા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ શપથ ગ્રહણ પહેલાં આજે તેમના નિવાસસ્થાને ચા પર ચર્ચાનું આયોજન કર્યું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓ અમિત શાહ, જગત પ્રકાશ નડ્ડા, ડૉ. સુબ્રમણ્યમ જયશંકર, નિર્મલા સીતારમણ, નીતિન ગડકરી, ધર્મેન્દ્ર પ્રધાન, પીયૂષ ગોયલ, જ્યોતિરાદિત્ય સિંધિયા અને કિરેન રિજિજુ સામેલ હતા. લોક જનશક્તિ પાર્ટી-રામ વિલાસ જૂથના વડા ચિરાગ પાસવાન પણ પ્રધાનમંત્રી ને તેમના નિવાસસ્થાને મળ્યા હતા.

# WEATHER

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાદળછાયુ વાતાવરણ રહેવાને કારણે તાપમાનમાં અશંત ઘટાડો થયો છે.

આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં છુટાછવાયા જ્યારે દક્ષિણ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

મહીસાગર જીલ્લામાં મેઘરાજાએ એન્ટ્રી લીધી છે જીલ્લામાં 2 દિવસની ભારે ગરમી બાદ જીલ્લાના બાલાસિનોર પંથકમાં વરસાદ વરસતા લઈ કાગ ડાળે રાહ જોતા ખેડુતોમાં ખુશી જોવા મળી છે. છેલ્લા 2 કલાકમાં ધીમી ધારે વરસાદ વરસતા હાલ ચોમાસાની ઝમાવટ થઈ છે.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી અને સંખેડા તાલુકાના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ પડતા ધરતીપુત્રોમાં ખુશી જોવા મળી છે.

કેન્દ્રિશાસિત પ્રદેશ દીવમાં હવામાન વિભાગની આગાહી અનુસાર આજે અને આવતીકાલે વરસાદ પડવાની સંભાવનાને પગલે વાદળછાયું વાતાવરણ સર્જાતા ઠંડક પ્રસરી છે.

તાપી જિલ્લામાં સોનગઢ, વ્યારા અને વાલોડ સહિતના અનેક તાલુકામાં વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી રાહત મળી.

ભરૂચ શુકલતીર્થ ગામના પાટિયા પાસે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે ઝાડ પડતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું અને છ વ્યક્તિઓને ઇજા થઈ હતી.

દરમિયાન અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. મોડાસા શહેરમાં પણ હળવો વરસાદ વરસ્યો. મોડાસા ભિલોડા પંથકમાં ગત મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદ થયો હતો. જેથી લોકોને ગરમીથી રાહત મળી છે.

તો નર્મદા જિલ્લાના સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એકતા નગર ખાતે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પાણી પાણી થયા હતા.

# Orsang Flood

ઉપરવાસ મધ્યપ્રદેશમાં વરસાદ થતાં છોટાઉદેપુર ઓરસંગ નદીમાં નવા નીર આવ્યા હતા.. નવા પાણીની આવક થતા પ્રજામાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

મધ્યપ્રદેશના ભાભરાના જંગલોમાંથી નીકળતી ઓરસંગ નદી છોટાઉદેપુર જિલ્લા માટે જીવા દોરી સમાન છે ઉપરવાસમાં ભારે વરસાદથી ઓરસંગ નદીમાં નવા નીર આવવાને કારણે છોટાઉદેપુર અને આસપાસના ગામોમાં પાણીની જરૂરિયાત પૂર્ણ થશે..

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# Sumul Dairy

સુરત તાપી જિલ્લા સરકારી સંઘ દ્વારા સુમુલ દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સુમુલે એક લીટર દૂધના ભાવમાં બે રૂપિયાનો વધારો કર્યો છે.

અમુલ ગોલ્ડના અડધા કિલોનો ભાવ 34, અમુલ તાજાનો 27, અમુલ શક્તિનો 31 અને અમુલ સ્લીમ ટ્રીમનો ભાવ 24 રૂપિયા છે.

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, સુમુલ ડેરી દરરોજ 12 લાખ, 50 હજાર લીટર દૂધનું વેચાણ કરે છે. દૂધનો ભાવ વધારો આવતીકાલથી અમલમાં આવશે.

# SOU

ઉનાળા વેકેશનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓને ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ એક જ મહિનામાં અઢી લાખ કરતાં વધુ પ્રવાસીઓએ અહીંની મુલાકાત લીધી છે, જે ગયા વર્ષની સરખામણીમાં એક લાખ પંચોતેર હજાર કરતાં વધુ છે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપ

(બાઇટ દીપક જગતાપ)

# BEDMINTON TOURNAMENT BHARUCH

ચોથી જૂનથી નવમી જૂન સુધી ભરૂચમાં ગુજરાત રાજ્ય બેડમિન્ટન એસોસિએશનના નેજા હેઠળ અંડર 13 અને અંડર 15 ની બેડમિન્ટન ચેમ્પિયનશીપ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાતના 316 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આજના અંતિમ દિવસે વિજેતા ખેલાડીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ માહિતી આપે છે ગુજરાત બેડમિન્ટન એસોસિએશન પ્રમુખ પ્રો. એસ. એ. રાવલ

(બાઇટ એસ. એ. રાવલ)

# PORBANDAR PRAKRUTIK KHETI

પોરબંદર જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીથી ઓછા ખર્ચે વધુ પાક મેળવી શકાય છે. અને જમીનમાં વધારે ભેજ રહેતા ઓછા પાણીએ ગુણવત્તા યુક્ત પાક ઉત્પાદન મેળવી શકાય છે.

આ અંગે પોરબંદર જિલ્લામાં આત્મા પ્રોજેક્ટમાં ફરજ બજાવતા અધિકારી અશ્વિન મોરીએ પ્રાકૃતિક ખેતીની ફાયદાઓ જણાવી ખેડૂતો માર્ગદર્શન આપ્યું હતું.

# NEWS IN BRIEF

હવે જોઇએ રાજ્યના અન્ય કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. પોરબંદર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી દરમિયાન પાલિકાની ટીમ દ્વારા જાહેર શૌચાલયોની સફાઈ કરવામાં આવી તો સુરેન્દ્રનગર જિલ્લામં પણ સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી દરમિયાન સફાઈના વિવિધ કાર્યો કરાઈ રહ્યા છે
2. છોટાઉદેપુર જિલ્લાના પ્રગતીશીલ ખેડૂત પ્રકાશ રાઠવાએ ચાર પ્રકારના શક્કર ટેટીની ખેતી કરીને બમણી આવક મેળવી
3. પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર – વેરાવળ – ભાવનગર દૈનિક ટ્રેનને આજથી વડાલ, શાપુર, લુશાળા અને બડોદર સ્ટેશને સ્ટોપેજ કરવાની મંજુરી આપી.
4. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ ગ્રામ્ય દ્વારા આગામી 22 જૂનના રોજ જિલ્લાની દરેક અદાલતમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરીને વિવિધ કેસોને નિકાલ કરવામાં આવશે.
5. સંકલ્પ એજ્યુકેશન પ્રેરણા ગ્રૂપ અને સમસ્ત આદિવાસી સમાજ દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં બોર્ડની પરીક્ષામાં ઉર્તિણ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો..
6. પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સામાજિક સેવાના ભાગરૂપે ધ્રાંગ્રધા ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેનો 200 થી વધુ દર્દીઓએ લાભ લીધો.
7. ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા સુરત જિલ્લાના અડાજણની ક્રિશયુગ ગૌશાળા ખાતે દર રવિવારે અને બુધવારે ખેત પેદાશોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે